**કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+ પરીક્ષા-તાલીમનો વ્યાપ વધારવા અંગે.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨ -પાર્ટ-૧ -ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨-૦૧-૨૦૦૯

વંચાણે લીધા:- (૧) સા.વ.વિભાગનું તા.૩૦-૦૯-૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક: જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક

(૨) સા.વ.વિભાગના તા.૩૦-૦૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક

(૨) સા.વ.વિભાગનો તા. ૧૬-૧૦-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫[illegible]-ક

ઠરાવ :-

વંચાણે લીધેલા ક્રમાંક:(૧) પરના તા.૩૦-૦૯-૨૦૦૬ના જાહેરનામાથી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૯ પ્રસિધ્ધ કરાયેલ છે. સદરહુ નિયમો અન્વયે સરકારી કર્મચારીઓ/ અધિકારીઓએ બઢતી / ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે કોમ્પ્યુટર કૌશલ્યની CCC / CCC+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉક્ત નિયમોના નિયમ-૯(૨) હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધી પરીક્ષા પાસ કરવાની મુદત રાખવામાં આવેલ હતી, જે છેલ્લે તા.૩૦-૦૬-૨૦૦૯ સુધી લંબાવવામાં આવી છે. સા.વ.વિભાગના તા.૩૦-૦૯-૨૦૦૬ ના ઠરાવથી કોમ્પ્યુટર કૌશલ્યની CCC / CCC+ તાલીમ અને પરીક્ષાની કામગીરી માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ (સ્પીપા), ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર (GCVT) હસ્તકનાં આઇ. ટી.આઇ.કેન્દ્રોને માન્ય ગણવામાં આવેલ હતા. ત્યારબાદ સમયાંતરે કોમ્પ્યુટર કૌશલ્યની CCC / CCC+ પરીક્ષા-તાલીમનો વ્યાપ વધારવા અંગેના હુકમો કરવામાં આવેલ હતા, જે અન્વયે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હસ્તકનાં કુલ-૧૮૧ કેન્દ્રોને કોમ્પ્યુટર કૌશલ્યની CCC / CCC+ ની તાલીમી સંસ્થા તરીકે માન્ય ગણવામાં આવેલ હતા. પરંતુ પરીક્ષા સંસ્થા તરીકે માન્ય ગણવામાં આવેલ ન હતા.

(૨) ઉપર જણાવેલ વિગતે સરકારી કર્મચારીઓ/ અધિકારીઓએ બઢતી / ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે કોમ્પ્યુટર કૌશલ્યની CCC / CCC+ ની પરીક્ષા તા.૩૧-૧૨-૨૦૦૮ ( કે જે છેલ્લે તા.૩૦-૦૬-૨૦૦૯ સુધી લંબાવેલ છે.) સુધીમાં પાસ કરવાની શરતે બઢતી આપવામાં આવી હોય / ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવ્યું હોય તેવા કર્મચારીઓ, અધિકારીઓ સમયસર પરીક્ષા પાસ કરી શકે અને વહીવટી પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે થઇને, પરીક્ષા સંસ્થા તરીકે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ (સ્પીપા), ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર (GCVT) હસ્તકનાં આઇ. ટી.આઇ. કેન્દ્રો

--૨--

તથા ગુજરાત ટેકનીકલ પરીક્ષા બોર્ડ ઉપરાંત વધારાનાં કેન્દ્રોને પરીક્ષા સંસ્થા તરીકેની માન્યતા આપવાની બાબત સરકારમાં વિચારણા હેઠળ હતી. કાળજી ભરી વિચારણાને અંતે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હસ્તકનાં આ સાથેનાં પરિશિષ્ટ-અ ની વિગતે કુલ-૨૮ કેન્દ્રોને નીચેની શરતોને આધિન કોમ્પ્યુટર કૌશલ્યની CCC / CCC+ ની પરીક્ષા સંસ્થા તરીકે સમાવેશ કરવાનું સરકારે ઠરાવેલ છે.

૧ ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ આઇટીઆઇ / સ્પીપા / ગુજરાત ટેકનીકલ પરીક્ષા બોર્ડ દ્વારા જે અધિકારીના નામનું સૂચન કરવામાં આવે તેમના નિરીક્ષણ અને સુપરવિઝન હેઠળ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

૨ ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC / CCC+ ની પરીક્ષા માટે ઉક્ત સંસ્થાઓ પાસે કોમ્પ્યુટર અને અન્ય આનુષાંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની રહેશે. તેમજ આ પરીક્ષાના સંચાલન માટે આઇટીઆઇ / સ્પીપા / ગુજરાત ટેકનીકલ પરીક્ષા બોર્ડ તથા યુનિવર્સિટીનાં માનવ સંશાધન ની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેઓને મળવાપાત્ર ભથ્થાંઓની ચૂકવણી કરવાની રહેશે.

(૨) કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની C.C.C./ C.C.C.+ પરીક્ષા સંદર્ભે અગાઉ સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૯-૨૦૦૬ના ઠરાવથી નિયત કરાયેલ તાલીમ ફીનું ધોરણ લાગુ પડશે. તથા ત્યારબાદના સરકારના આ સંદર્ભે થયેલ વખતોવખતના હુકમોથી પ્રસિધ્ધ કરાયેલ અન્ય સૂચનાઓ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
( જે.એમ. જોષી )
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.
- માન. મંત્રીશ્રી/ રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય.
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

--3--

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

આર.સી.ટેકનીકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ સામે

સરખેજ–ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ.380060

**E-mail : feedback@baou.org, Website : www.baou.org**


## CCC Plus તથા CCC Inservice અભ્યાસક્રમ માટેના પરીક્ષા કેન્દ્રોની યાદી

| અ. નં | કોડ નંબર | અભ્યાસકેન્દ્રનું સ્થળ |
|---|---|---|
| 1. | 0101 | એલ. ડી. આર્ટ્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-380 009 |
| 2. | 0109 | "માનવ સાધના", ગાંધી આશ્રમ, અમદાવાદ-380 027 |
| 3. | 0111 | શ્રી ડી. સી. એમ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મુ. તા. વિરમગામ, જિ. અમદાવાદ |
| 4. | 0127 | શ્રી સ્વામીનારાયણ આર્ટ્સ કોલેજ, શાહઆલમ ટોલનાકા, ગીતામંદિર રોડ, અમદાવાદ. |
| 5. | 0128 | ઉમિયા આર્ટ્સ કોલેજ, સરખેજ–ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ |
| 6. | 0201 | કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ વિદ્યાવિહાર, અમરેલી–01 |
| 7. | 0210 | શ્રીમતી વી. ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ, મેનેજડ્ બાય નૂતન કેળવણી મંડળ, સાવરકુંડલા, અમરેલી-364515 |
| 8. | 0301 | જે. બી. ઠક્કર કોલેજ ઓફ કોમર્સ, ભૂજ–370 001 |
| 9. | 0302 | તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર (કચ્છ) –370205 |
| 10. | 0401 | નલિની–અરવિંદ એન્ડ ટી. વી. આર્ટ્સ કોલેજ, વલ્લભવિદ્યાનગર– 388120 |
| 11. | 0418 | ખેડા આર્ટ્સ કોલેજ, ખેડા |
| 12. | 0501 | ગવર્નમેન્ટ આર્ટ્સ કોલેજ, સેકટર–15, ગાંધીનગર–382 016 |
| 13. | 0503 | શેઠ એલ. એચ. સાયન્સ કોલેજ, કોલેજ કેમ્પસ, માણસા, જિ. ગાંધીનગર-382845 |
| 14. | 0510 | શ્રી પી. એચ. જી. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, કલોલ, અંબિકાનગર, તા. કલોલ, ગાંધીનગર-382721 |
| 15. | 0601 | શ્રી એમ. પી. શાહ કોમર્સ કોલેજ, સાત રસ્તા, જામનગર–08 |
| 16. | 0608 | શ્રી વિનાયક એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, 2, વિનાયકપાર્ક, B/NP.37/B, રામેશ્વરનગર, જામનગર |
| 17. | 0709 | સ્વ. જે. કે. રામ આર્ટ્સ એન્ડ કોમર્સ, મુ. પો તા વેરાવળ, જિ. જુનાગઢ |
| 18. | 0710 | આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દિવ રોડ, મુ. અહેમદપુર/માંડવી, તા. ઉના, જિ. જુનાગઢ–362540 |
| 19. | 0715 | શ્રી સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપુરા, જુનાગઢ–362002 |
| 20. | 0722 | શ્રી જે. એસ. પરમાર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કોડીનાર, વેરાવળ હાઈવે રોડ, કોડીનાર, જિ. જુનાગઢ–362765 |
| 21. | 0901 | નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ–389 151 |
| 22. | 1002 | આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુર–385 001 |
| 23. | 1101 | અન્જૂમન–એ–તાલીમી–ઈદારા, કોર્ટ રોડ, ટ્રેઝરી સામે, ભરૂચ–01 |
| 24. | 1201 | નિરંતર શિક્ષણ ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર–364002 |
| 25. | 1301 | મ્યુ. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, નાગલપુર, મહેસાણા–384 002 |
| 26. | 1302 | ધી. ખે. ના. સ. બેન્ક લિ., આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુ |
| 27. | 1310 | શ્રી સાર્વજનિક કેળવણી મંડળ વિદ્યાસંકુલ, અરવિંદ બાગ પાસે, મહેસાણા |
| 28. | 1401 | ડિપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લિશ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–360005 |
| 29. | 1403 | શ્રી યુ. એન. મહેતા આર્ટ્સ કોલેજ, મુ. તા. મોરબી, જિ. રાજકોટ-363642 |
| 30. | 1501 | શ્રીમતી એસ. જી. પટેલ કૉમર્સ એન્ડ આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, નિઝામપુર, વડોદરા-02 |
| 31. | 1601 | શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા-389 001 |

| અ. નં. | કોડ નંબર | અભ્યાસકેન્દ્રનું સ્થળ |
|---|---|---|
| 32. | 1701 | શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણા ઓ. એમ. આર્ટ્સ કોલેજ, મુ. તા. મોડાસા, જિ. સાબરકાંઠા |
| 33. | 1703 | શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, મુ. તા. તલોદ, જિ. સાબરકાંઠા- 383 215 |
| 34. | 1707 | વિશ્વમંગલમ્-અનેરા, આકોદરા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા-01 |
| 35. | 1709 | એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર, જિ. સાબરકાંઠા |
| 36. | 1801 | સર કે. પી. કોલેજ ઑફ કોમર્સ, અઠવા લાઈન્સ, સુરત-395 001 |
| 37. | 1802 | શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે. કે. શાહ એન્ડ શ્રી કે. ડી. શાહ કોમર્સ કોલેજ, મુ. તા. વ્યારા, જિ. તાપી |
| 38. | 1902 | ડૉ. વિરમભાઈ ગોઢાણિયા મહિલા કોલેજ, ખીજડી પ્લોટ, પોરબંદર |
| 39. | 2001 | શ્રી એમ. પી. શાહ કોમર્સ કોલેજ, સુરેન્દ્રનગર– 360578 |
| 40. | 2201 | શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ. ઈ. લહેર કોસાડિયા કોમર્સ કોલેજ, ચીખલી –21 |
| 41. | 2301 | એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા–393 145 |
| ૪૨ | ૨૫૦1 | શ્રી ચીમનલાલ કીલાચંદ ઝવેરી ડિસ્ટન્સ એન્ડ કોમ્યુનિટી સેન્ટર, ઉત્તર ગુજરાત યુનિ. કેમ્પસ, પાટણ |
| ૪૩ | ૯૦1 | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર-396050 |